મુકેશ ભગત
અબુધાબી

અંધશ્રદ્ધા જેવા અતિસંવેદનશીલ વિષય પર પુસ્તક સ્વરૂપે વિચાર પ્રગટ કરવામાં આજના સમય સંદર્ભે ખૂબ મોટું જોખમ અને પડકારજનક છે. જે પ્રમાણે છેલ્લા કેટલાંક વરસો દરમ્યાન અંધશ્રદ્ધા વિરૂદ્ધ બોલવા લખવા કે ચળવળ કરવા બદલ હુમલાઓ અને હત્યાઓ થઈ છે. બહુમત લોકોને આવી અંધશ્રદ્ધા, કુરીવાજ કે કુરૂઢીમાંથી બહાર નથી આવવું, કેમ ? ડર ! ભય !

માણસ જ્યારે વિચારવાનું બંધ કરે એટલે ભય અને અસુરતાની ભાવના વધવા માંડે છે, પણ પ્રવૃત્તિશીલ વ્યક્તિઓની ટીકા કરવાનું સાહસ ધરાવે છે, આવું કેમ ?

પૂ. શ્રી પ્રેમજીવન મહારાજને આવા જોખમોની પરવા નથી અને પડકારોનો સામનો કરવો કે ઝીલવો એ એમને જીવનમંત્ર બનાવી દીધો છે. કેટલાક અભાગીયા જીવો અધુરૂ સાંભળી ઊંધુ અર્થઘટન કરી હંમેશા તેમની ટીકા કરે છે યા તો તેમનાથી દુર રહે છે. પણ પૂ. પ્રેમજીવન મહારાજ અત્યંત આશાવાદી છે. અધૂરૂં સાંભળનારો એક દિવસ તો પુરું સાંભળશે અને જો તે વિચાર કરતો થશે ત્યારે સત્ય સમજાશે અને પછી કબીર રાજી રાજી !!!

પૂ. પ્રેમજીવન મહારાજ આમ તો ઉદા ભક્ત સમાજના આધ્યાત્મિક ગુરુ છે પણ તેમની છાપ નાસ્તિક તરીકેની છે. બાળપણથી મારી મિત્રતા અને સમજણ બાદ જ્યારથી મારા આધ્યાત્મિક માર્ગદર્શક બન્યા છે તે અનુભવના આધારે હું તેમને ન તો આસ્તિક કહું કે ના નાસ્તિક કહું પણ એ વાસ્તવિક છે. વાસ્તવિક એટલે વિજ્ઞાન.....વિચક્ષણજ્ઞાન કસોટીમાંથી પસાર થઈ સ્થાપિત થયેલી માહિતી એટલે જ્ઞાન.

તેમનું સત્ય પુરાણો કે ધાર્મિક સાહિત્યની જડતાવાળું નથી પણ આધ્યાત્મ અને વિજ્ઞાનની નવી શોધ સાથે ઉત્તરોત્તર ઉર્ધ્વ થતું સત્ય છે જે ભ્રમિત નથી કરતું. આવા અભિગમની સમજણથી તેઓ પોતાના સમાજનો બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ ઝંખે છે. આ પુસ્તકમાં અંદાજે ૫૦ વિવિધ વિષયો પર પ્રકાશ કર્યો છે.

ભ્રમિત માન્યતાઓનું ખંડન કરી સત્ય અને હકીકતનું મંડાન પણ કરે છે. ગ્રહ, ગ્રહદોષ, ગ્રહણનું વિજ્ઞાન, પુજન-અર્ચન મુર્હુત  કર્મકાંડ, શ્રાદ્ધ, જ્યોતિષી, વૃક્ષ અને પ્રાણીમાં મિથ્યા આસ્થા પર સરસ છણાવટ કરી છે. સાથે સાથે સામાજીક રીતી-રિવાજો અને મૃત્યુ પર્યંત માન્યતા પર પણ પ્રકાશ કર્યો છે.

આર્યભટ્ટ, વરાહમિહીર અને ભૃગુ જેવા ઋષિઓને વૈજ્ઞાનિક તરીકે પરીચય કરાવી તેમના વારસાનો વિકાસ ન કર્યાનો પણ ખેદ વ્યક્ત કર્યો છે. આપણે ખગોળવિજ્ઞાનના આ વારસાને ભાગ્યકથનમાં રૂપાતર કરી વિકાસ અટકાવ્યો જ્યારે યુરોપનો ખગોળવિજ્ઞાની તરીકે પ્રસિદ્ધ થયો.

આપણે જ્યોતિષ કેટલું છીછરું છે કે હજારો વર્ષથી હજુ નવગ્રહમાં જ રમ્યા કરે છે. આધુનિક ખગોળવિજ્ઞાન, Solar System, થી પણ આગળ Milky way galaxy, virgo super clustor, અને laniakea super clustor  સુધી પહોંચી ગયું. જ્ઞાન અને વિજ્ઞાન અસીમ અને અનહદ છે પણ આપણે તો વિચારવું જ નથી.

પૂ. પ્રેમજીવન મહારાજે આ પુસ્તક રોયલ્ટીથી પૈસા કમાવવા નથી લખ્યું પણ સમાજને વિચાર કરવા પ્રેરાઈ એટલે.

દરેક વિષય પર મનોવૈજ્ઞાનિક અભિગમથી સ્પષ્ટીકરણ, સંશોધન સંસ્થા (Reserch institute) ના પ્રમાણેની પ્રસ્તુતીથી આપણને વિચારવા માટે આહ્‌વાન આપ્યું છે.

મેક્સયુલર નામના ધાર્મિક તુલનાત્મક સાહિત્યના વિદ્વાને કયાંક નોંધ્યું છે કે ભારતીયો દ્વારા ચોથી સદીમાં સૂર્ય સિદ્ધાંત નામનો એક ગ્રંથ સંસ્કૃતમાં લખાયો. સાતમી-આઠવી સદીમાં ઈસ્લામના ઉદ્‌ભવ પછી બગદાદની બૈતુલ હિકમાહ નામની સંસ્થાએ તેઓ અનુવાદ કર્યો. ત્યાંથી તે સ્પેન, ગ્રીસ થઈ સમગ્ર યુરોપમાં ફેલાઈ ગયો અને અમેરિકા સુધી પહોંચી ગયો. સૂર્ય સિદ્ધાંત પુસ્તકમાં વર્ણવેલી માહિતીની મદદ લઈ તેઓ ખગોળવિજ્ઞાનના રહસ્યો ખોલ્યા. અને ભારતીયો માત્ર મંત્રોચ્ચાર કરતા

રહ્યા.

હવે આપણે વિચારવાનું કે જે ભારતીય શાસ્ત્રની મદદથી અમેરીકા અવકાશયાન ચંદ્ર અને મંગળ પર મોકલે. know how લેવું પડે રોયલ્ટી ચૂકવવી પડે!!!

આપણી ભારતીય સંસ્કૃતિ અતિશય પુરાતન હોવાને કારણે રૂઢીચુસ્ત રીતી-રિવાજોને કારણે આપણે મનોદશા વૈશ્વિક કક્ષાએ વૃદ્ધોને મળતી આવે છે એટલે આપણો યુવાનો પણ અંધશ્રદ્ધાના નાગપાશમાં જકડાયેલા છે. આપણે સુવિધા સગવડોથીત તો દુનિયા સાથે તાલ મિલાવી દીધો છે પણ અંધશ્રદ્ધાના, રૂઢીચુસ્તતા અને સંકુચિતતાના નિંદણીથી શ્રદ્ધાનું વાવેતર કરવાનું છે.

પૂ. પ્રેમજીવન મહારાજના આ પ્રયાસથી જો આપણે પ્રકાશ લઈશું તો આપણી ભૌતિક, દૈહીક અને આધ્યાત્મિક ઉન્નતિ નિશ્ચીત છે.

પૂ. પ્રેમજીવન મહારાજે જ્યારે મને આ પુસ્તકની પ્રસ્તાવના લખવા કહ્યું ત્યારે મેં અસર્મથતા દર્શાવી હતી કારણ મારા હાલના વિચારવૃક્ષનું બીજ રોપનાર તેઓ પોતે છે. તેઓ સાથે વખતોવખત સંવાદો દ્વારા ભ્રાંતિભંગ માર્ગદર્શન અને તત્ત્વજ્ઞાન મેળવ્યું છે તો તેમના વિચારને લેખનને પ્રસ્તાવિત કેવી રીતે કરી શકું ?

છતાંય પણ તેમના આગ્રહને વશ થઈ પ્રસ્તાવના લખી છે જે બધાની જેમ મને પણ લાગુ પડે છે. સદ્‌ગુરુ શ્રી જીવણજી મહારાજને પ્રાર્થના કરું છું કે પુસ્તકમાં રજુ કરેલી માહિતી આપણા જ્ઞાન અને વિજ્ઞાન માર્ગ પ્રશસ્ત કરી આ જીવનમાં મુક્તિની પ્રતિતી કરાવે.

સાચે ન કોઈ પતીઆઈ । જુઠે જગ પતીઆય ।।
ગલી ગલી ગોરસ ફીરે । મદિરા બેઠી બિકાય ।।૧।।

– કબીરજી

આપણે કબીર વિચાર ધારાના વારસદારો છે. ઉપરની સાખીમાં આપણે સદ્‌ગુરુ શ્રી નામદેવ કબીરજીની અપેક્ષા પર ખરા ઉતરવાનું છે.

।। રામકબીર ।।

(અંધશ્રદ્ધાના વાવેતરમાંથી)

